## ઝાલાનગર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



હિંમતનગર તાલુકાની ઝાલાનગર પ્રાથમિક શાળામાં ગુજરાત રાજ્યકક્ષાના મંત્રી પશુપાલન નિયામક શ્રી પ્રકાશભાઈ બારાની ઉપસ્થિતમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના અગ્રણી અને બી.ઝેડ.કંપનીના સીઈઓ શ્રી ભુપેન્દ્રસિંહ ઝાલાએ શાળામાં સ્માર્ટ એલ.ઈ.ડી. ટીવીની દાનભેટ આપી શાળાના બાળકોને તિથિભોજન કરાવ્યું હતું.

## ગાંભોઈ-રણાસણ માર્ગ પર રોઝ પશુની અડફેટે બાઈક ચાલક યુવાનનું મોત...

હિંમતનગર તાલુકાના ભાવપુર ગામનો રહીશ કાળુંસિંહ



વકતુંસિંહ પૂંજારા (ઉ.વ.૪૦) ગુરુવારની સમી સાંજે રૂપાલકંપાથી પોતાના ગામ ભાવપુર તરફ ગાંભોઈ-રણાસણ જતા માર્ગ પર બાઈક સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે માર્ગ પર અચાનક જંગલી પશુ રોઝની અડફેટે આવી જતા યુવાન બાઈક સાથે ફંગોળાઈ રોડ પર પટકાતા શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ જ્યાં સારવાર દરમિયાન યુવાનનું મૃત્યુ થયું હતું.

## પ્રાંતિજના કતપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાલુકાના કતપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો પ્રાંતિજના કતપુર ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમા અન્ન અને નાગરિક પુરવઠા નિગમના નિયામક તુષાર મોહનલાલ ધોળકિયા, પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ, નાયબ મામલતદાર દિગ્વિજયસિંહ, સરપંચ કનુભાઇ પટેલ, આચાર્ય મહેશસિંહ સી.મકવાણા, લાયઝન ઓફિસર હેતલભાઈ રોડીયા, સીઆરસી પિયુષભાઈ મકવાણા સહિત ઉપસ્થિત રહ્યા હતા જયારે આવનાર મહેમાનોનુ સન્માન બાદ ધોરણ એકમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને કીટ આપીને પ્રવેશ આપવામા આવ્યો હતો આવનાર મહેમાનો દ્રારા શાળા સંકુલ માં આયોવેદિક વુક્ષોનુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો એસ.એમ.સી સભ્યો તથા વિધાર્થીઓ વાલીઓ તથા ગ્રામજનો તથા શાળાનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ભિલોડામાં ભાજપ યુવા મોરચા ધ્વારા રકતદાન કેમ્પ યોજાયો



ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા ધ્વારા અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા ભારતીય જન સંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ ભિલોડા યુવા મોરચા દ્વારા ગુરૂકુળ આશ્રમ શાળા,ભિલોડા ખાતે યોજાયો હતો. અરવલ્લી યુવા મોરચાના પ્રમુખ અમિષભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાન્તિભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ જીગર ત્રિવેદી,મહામંત્રી દેવાંગ બારોટ,ઉપ પ્રમુખ સાવન ખાંટ, અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્ય નીલાબેન મડિયા, ધનજીભાઈ નિનામા,અમૃતભાઈ નિનામા,કેવલ જોષિયારા,અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચાના મહામંત્રી રાકેશભાઈ બોડાત,કિસાન મોરચાના પ્રમુખ તેજસ પટેલ,આદિજાતી મોરચાના પ્રમુખ શૈલેષ કોટવાળ ઉપસ્થિત રહ્યા હતા.રકત દાતાઓએ રકતદાન , મહાદાન સુત્રને સાર્થક કર્યુ હતું.

## મોડાસા : શ્રી સરસ્વતી બાલ મંદિરનો પ્રવેશોત્સવ ઉજવાયો



અરવલ્લી જિલ્લાના મોડાસામાં છેલ્લા સાત દાયકાથી શૈક્ષણિક સેવા આપતા સરસ્વતી બાલમંદિર મંડળમાં બાળકોનો પ્રવેશોત્સવ જે. સી.સ મિલ્ક કમિટી. જાયન્ટ્સ . ગાયત્રી પરિવાર સાથે મળી વૈદિક મંત્રો સાથે બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી તેમના વાલીઓને અને બાળકોને મંત્રોચ્ચાર સાથે સ્કૂલ સ્ટાફ મંડળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખ નિલેશ જોશી ના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો જેમાં જે કમિટીના ચેરમેન શ્રી પરીખ જેન્ટ્સ પ્રવિણ પરમાર. મુકુન્દ શાહ મુકુંદ સોની ગાયત્રી પરિવારના વિનોદ પટેલ રમેશ કડિયા શાળા પરિવાર હાજર રહ્યા

# જિલ્લામાં અતિવૃષ્ટી સમયે ૧૨૫ લાઈફ ઝેકેટ, ૧૨૮ લાઈફબોયાથી બચાવ કાર્યની તૈયારી

### પાણીમાં ડૂબવાના કિસ્સામાં હોમગાર્ડ, સ્થાનિક તરવૈયાઓની મદદ લેવાશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાનો વિધિવત આરંભ થઈ ગયા પછી આગામી સમયમાં સંભવિત અતિવૃષ્ટીની સ્થિતિ સમયે રાહત અને બચાવ કાર્ય માટે તંત્ર સજ્જ બન્યું છે. બંને જિલ્લાના મામલતદારોને બચાવની સાધન સામગ્રી તૈયાર રાખવા માટે અપાયેલી સૂચના પછી ૧૨૫ લાઈફ ઝેકેટ અને ૧૨૮ લાઈફબોયા તૈયાર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત પાણીમાં ડૂબવાના કિસ્સામાં હોમગાર્ડ અને સ્થાનિક તરવૈયાઓની મદદ લેવામાં આવશે. ડીઝાસ્ટર । વિભાગ દ્વારા લાઈફ ઝેકેટ અને લાઈફ બોયા હાથવગાં રાખ્યા પછી હવે તરવૈયાઓની શોધ શરુ કરવામાં આવી છે.

જિલ્લામાં દર વર્ષે ચોમાસા દરમ્યાન કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટીના કારણે જળતરબોડની સ્થિતિ ઉભી થતી હોય છે. નીચાણવાળા



વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી અનેક પરિવારોને સ્થળાંતર કરવાની ફરજ ઉભી થતી હોય છે. જ્યારે નદી કિનારાના વિસ્તારોમાં પૂર સમયે પાણીમાં માનવ તેમજ પશુઓ તણાઈ જવાના કિસ્સા નોંધાતા હોય છે. જિલ્લામાં ચોમાસાના આગમન સાથે સરકારના ડીઝાસ્ટર વિભાગ દ્વારા પ્રિ-મોન્સુનની પૂર્વ તૈયારીઓ શરૂ કરવામાં આવતી હોય છે. આ વખતે પણ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. અતિવૃષ્ટીની સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તૈયારીઓ થઈ રહી છે. સાબરકાંઠા જિલ્લામાં ડીઝાસ્ટર વિભાગ દ્વારા અતિવૃષ્ટીમાં બચાવ કાર્ય માટે ૨૦ લાઈફ જેકેટ અને ૨૦ લાઈફબોયા તૈયાર રખાયા છે. તે જ રીતે અરવલ્લી જિલ્લામાં ૧૦૫ લાઈફ જેકેટ અને ૧૦૮ લાઈફબોયા રીંગ સાથે તંત્ર સજ્જ બન્યું છે. ખાસ કરીને પાણીમાં ડૂબી જવાની ઘટનાઓ ચોમાસા દરમ્યાન વધુ બનતી હોય છે જેથી બંન્ને જિલ્લામાં પાણીમાં તરવાનું હુન્નર ધરાવતા હોમગાર્ડ જવાનો તેમજ સ્થાનિક તરવૈયાઓની પણ મદદ લેવાની હોવાથી વિભાગ દ્વારા હવે તરવૈયાઓની શોધખોળ શરુ કરવામાં આવી છે.

**જિલ્લામાં બચાવ કાર્ય માટે તંત્ર સજ્જ**

| જિલ્લો | બચાવ સામગ્રી |
|---|---|
| અરવલ્લી | ૧૦૫ લાઈફ જેકેટ, ૧૦૮ લાઈફબોયા |
| સાબરકાંઠા | ૨૦ લાઈફ જેકેટ, ૨૦ લાઈફબોયા |

# ઉદ્ધવનો ખેલ થઈ ગયો એવું નથી... ઉદ્ધવે શરદ પવારનો ખેલ કરી નાખ્યો

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૨૪

હમણાં ઉદ્ધવ ઠાકરેની કોઈ ભૂલ નથી, ભૂલ તો એમની સત્તાના મોહમાં અઘાડી સરકાર બનાવી ત્યારે થઈ હતી... પણ, અઘાડી સરકાર બન્યા પછી દિન પ્રતિદિન તેમને પસ્તાવા સિવાય કંઈ નથી થયું!! હિન્દુત્વ વિચારધારા વાળી શિવસેનાને કોંગ્રેસ અને શરદ પવારની પાર્ટી જોડે સરકારમાં ખૂબ અકળામણ થઈ રહી હતી... પાવર એન્ડ કોંગ્રેસ કમ્પની પોતાની મનમાની અને ધાર્યું કરતી જતી હતી, તો બીજી બાજુ શિવસૈનિકો નારાજ થતા જતા હતા!! ઉદ્ધવ ઠાકરે માટે મુખ્યમંત્રીની ખુરશી માથાનો દુખાવો બની ગઈ હતી...

શિવસેનાના બાગી નેતા એકનાથ શિંદેનું નિવેદન ખૂબ સૂચક છે...."અમે ચુસ્ત શિવસૈનિકો છીએ, બાલાસાહેબે ચીંધેલા માર્ગ ઉપર આગળ વધવા માંગીએ છીએ, આઘાડી સરકારના કોંગ્રેસ-NCP જોડે ગઠબંધન કોઈપણ ભોગે જોઈતું નથી.... ઉદ્ધવ ઠાકરે શરદ પવારની ચાલમાં પુરેપુરા ફસાઈ ગયા હતા એ ખુદ ઉદ્ધવજી પણ જાણતા હતા... સંજય રાવત જોડે સતત એવા ભાજપ વિરોધી નિવેદન આપવામાં આવ્યા કે શરદ પવાર એન્ડ કંપનીને એહસાસ થતો રહે કે શિવસેના આપણી વિચારધારાને પચાવી રહી છે!! બીજી બાજુ હિન્દુત્વ વિચારધારા ઉદ્ધવજીને ઊંઘવા નહોતી દેતી એટલે એકનાથ શિંદેને હનુમાનજીનું કામ સોંપાયું છે.... આખી સ્ક્રીપ્ટ પોતાની અને નાટક ભજવવાળા હીરો-વિલન તમામ પણ પોતાનાજ!!

શરદ પવાર એક એવું મીંઢું અને ખંધુ રાજકિય કેરેક્ટર છે કે જે કોઈને ચોંટી જાય તેનું લોહી ચૂસી લે.... છેલ્લા બે વર્ષમાં ઉદ્ધવજીનું લોહી ચૂસનાર પવાર અને તેના પાવરમાંથી નીકળવા માટે ઉદ્ધવ ઠાકરે પણ અધીરા હતા!! ઉદ્ધવ ઠાકરેને આ મંડળીમાંથી છટકવું જ હતું કારણ કે આ આઘાડી સરકારમાં હિન્દુત્વ વિરોધી નિર્ણયો તેમને લેવા પડતા હતા...જે શિવસેનાની વિચારધારાથી તદ્દન વિપરીત હતા... બળવો કરીને ધારાસભ્યો સુરત ગયા અને પછી આસામ પહોંચ્યા પણ તેમને પાછા પોતાના ઘરે લાવવા માટે ઉદ્ધવ ઠાકરે દ્વારા દિલથી પ્રયત્નો નથી થયા, માત્ર ઉપર ઉપરથી ફોરમાલિટી થઈ એ બતાવી આપે છે કે જે થઈ રહ્યું છે તે શિવસેનાને ગમી રહ્યું છે...

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર બની તે પહેલાં દિવસથી જ શિવસેનાને વોટ આપનાર જનતાની નારાજગી હતી, દિવસે દિવસે શિવસૈનિકો અકળાવવા લાગ્યા, ધીરે ધીરે એક પછી એક શિવસેનાના ધારાસભ્યો ગૂંગળામણ અનુભવતા ગયા.... ઉદ્ધવ ઠાકરે, સંજય રાવત અને એકનાથ શિંદેને આ સ્ક્રીપ્ટ તૈયાર કરવા માટે બીજા વિદુર કે ચાણક્યની મદદ અવસ્ય મળી હશે... શરદ પવાર એક એવો રાજકીય હાથી છે કે તેની ચુંગાલમાંથી નીકળવા ખૂબ હોશિયારી અને ચાલાકીથી આ પ્રકરણ પાર પાડવું પડે.... શરદ પવારને માત આપી શકે અથવા ટક્કર આપે તેવા બે ત્રણ ચાણક્ય જ આપણા ભારતના રાજકારણમાં છે તે કોણ છે એ કોઈને કહેવાની જરૂર નથી... પણ, હા મહારાષ્ટ્ર સરકારમાં જે ઉથલપાથલ થઈ તે રાષ્ટ્રવાદી વિચારધારા પ્રસ્થાપિત કરવા માટે ખૂબ જરૂરી હતી તેવું ચોક્કસ કહી શકાય...

# વાંટડામાં જીવંત વિજતાર તૂટતાં કરંટથી ૨ પશુનાં મોત : ચોમાસામાં વિજતારની આફત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

બાયડ તાલુકાના વાંટડા ગામે જીવંત વિજતાર તૂટતાં પશુપાલકના ઘર નજીક બાંધેલ ૨ ભેસોના કરંટથી મોત નિપજતાં અરેરાટી વ્યાપી છે. વિજ લાઈનના ઝોલા ખાતા વિજતાર સામાન્ય





વરસાદ અને પવન સાથે ઓચિંતા પશુઓ ઉપર તૂટી પડતાં અફરા તફરી મચી હતી. વિજ તંત્રની બેદરકારીના કારણે પશુપાલકને ૨ પશુ ગુમાવવાનો વારો આવતાં તંત્ર સામે પશુપાલકોમાં રોષ છે.

ચોમાસા પૂર્વે વિજ તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન એકશન પ્લાન કાગળ ઉપર અમલી બન્યો હોવાથી વિજ કરંટ લાગવાથી પશુઓના મોતના બનાવ શરુ થયા છે. તાલુકાના વાંટડા ગામે ગુરુવારે પરોઢે ભરતભાઈ સબાભાઈ પરમારના ઘર નજીક બાંધેલા પશુઓ ઉપર જીવંત વિજતાર તૂટી પડતાં નાસભાગ મચી હતી. વિજ કરંટથી કેટલાક પશુઓનો આબાદ બચાવ થયો પરંતુ ૨ ભેંસ વિજ કરંટના સંપર્કમાં આવી જવાથી ઘટના સ્થળે મોત થયાં હતાં. એક જ પશુપાલકના ૨ પશુના વિજ કરંટથી મોત નિપજતાં પંથકમાં અરેરાટી વ્યાપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકો દૂધની આવક ઉપર ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે તે સંજોગોમાં વરસાદના આરંભ સાથે એક પછી એક વિજ કરંટના હાદસામાં દૂધાળા પશુઓના મોત નિપજતાં વિજ તંત્ર દ્વારા પશુઓના મોત સામે પશુપાલકોને આર્થિક સહાયનું વળતર ચૂકવવું જોઈએ તેવો સૂર ઉઠવા પામ્યો છે. બનાવ અંગે પશુપાલકે બાયડ પોલીસને ખબર આપતાં જાણવા જોગ નોંધ લેવામાં આવી છે.

# અરવલ્લી : મેઘરજના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં મીની વાવાઝોડુ

### કંટાળું ગામે ૫ જેટલા મકાનોના પતરા ઉડી જતા ઘરવખરીને નુકશાન

મોડાસા, તા. ૨૪

મેઘરજ સહીત અરવલ્લી જીલ્લામાં ગુરુવારે સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા ભારે પવન સાથે વીજળી અને કડાકા સાથે કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડયાં હતા. મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો કંટાળું ગામમાં ૫ જેટલા મકાનના પતરા



ઊડી જતા ઘરમાં રહેલ ઘરવખરી અને માલસામાન પલળી જતા પરિવારજનો મુસીબતમાં મુકાયા હતા કંટાળું તલાટીએ નુકશાન થયેલ ૩ મકાનોનો સર્વે હાથધરી રીપોર્ટ મેઘરજ તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપ્યો હતો

મેઘરજના કંટાળું ગામમાં ભારે પવન સાથે મેઘરાજાની પધરામણી થતા મીની વાવાઝોડા જેવો માહોલ સર્જાતા ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા ભારે પવન ફૂંકાતા ૫ મકાનોના પતરાની છત હવામાં ફંગોળાઈ ઉડી ગયા હતા સદનસીબે જાનહાની ટળી હતી મકાનોના પતરા ઉડી જતા ઘરમાં રહેલ માલસામાન અને ઘરવખરી પલળી જતા ભારે નુકશાન પહોંચ્યું હતું મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોઈ લોકો ઘરમાં પુરાઈ ગયા હતા વરસાદ શરુ થતાની સાથે રાબેતા મુજબ વીજળી ગુલ થઈ જતા પ્રથમ વરસાદમાં જ પ્રિમોન્સુન પ્લાનની પોલ ખુલી ગઈ હતી વાવાઝોડાંના પગલે વ્રુક્ષો પણ ધરાશાયી થયા હતા વરસાદનું આગમાન થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

# પ્રાંતિજના છાદરડા અને હિંમતનગરના આકોદરા ગામમાં પતરા ઉડયા

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જીલ્લાના બે તાલુકાના ત્રણ ગામમાં વાવાઝોડું ત્રાટકતા આર્થિક નુકશાન થવા પામ્યું હતું તો પતરા ઉડતા એક પશુનું મોત બે પશુને ઈજા થવા પામી હતી અને અંધારપટ છવાયો હતો. સાબરકાંઠા જીલ્લામાં અચાનક સાંજે વાતાવરણમાં પલટો આવતા ગરમીમાં રાહત મળી હતી તો બીજી તરફ બે હિમતનગર તાલુકાનું ડીજીટલ ગામ આકોદરા અને પ્રાંતિજ તાલુકાના બે છાદરડા અને વિલાસપુર



ગામમાં વાવાઝોડું ત્રાટકતા આર્થિક નુકશાન થવા પામ્યું હતું તો અંધારપટ છવાયો હતો.સમી સાંજે વાવાઝોડું ત્રાટકતા ડીજીટલ વિલેજ આકોદરામાં ગામમાં પ્રવેશતા રસ્તામાં મોટો શેડ ઉડી રોડ પર પડતા રસ્તો બંધ થયો હતો જુના ગામમાં ૧૦ થી વધુ પતરા ઉડ્યા હતા.તો રામદેવનગરમાં ઘરના પતરા અને સરસામાન પણ ઉડ્યો હતો.પાચ થી વધુ વીજપોલ પડતા વીજળી ગુલ થઈ હતી.આ વાવાઝોડું આજુબાજુના ગામમાં પ્રસર્યું હતું.પ્રાંતિજ તાલુકાના છાદરડા ગામમાં પણ પહોચ્યું હતું અને ગામમાં અનેક ઘરના પતરા અને તબેલાના પતરા ઉડાડી દીધા હતા સાથે વીજ પોલ પડી જતા વીજળી બંધ થઈ ગઈ હતી.તો ગામમાં પતરા ઉડીને વાગતા એક ગાયનું પુછડુ અને એક ભેસનો પગ કપાયો હતો જેને લઈને પશુપાલક મહિલા પણ રુદન કરી મુક્યું હતું તો સામે ગ્રામજનોએ તબીબોને બોલાવી ગંભીર ઈજાગ્રસ્ત પશુઓને સારવાર શરુ કરી હતી.તો વિલાસપુરા ગામમાં ઘર અને શેડના પતરા ઉડ્યા હતા અને ગામમાં વીજપોલ ધરાશાયી થતા અંધારપટ છવાયો હતો તો પતરું વાગતા એક પશુનું મોત નીપજ્યું હતું.આમ ભારે વાવાઝોડા ને કારણે નુકસાન થતા ગામ લોકો ની હાલત કફોડી બની છે

# ડીસા તાલુકાની રમૂણ ગામની પ્રાથમિક શાળાને તાળાબંધી

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકાની રમુણ પ્રાથમિક શાળાના આચાર્યએ સોશિયલ મીડિયામાં સમાજો વચ્ચે





વૈમનસ્ય ફેલાય તેવી પોસ્ટ મુકતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને આજે આચાર્યની બદલીની માંગ સાથે શાળાને તાળાબંધી કરી દીધી હતી.

એક તરફ સરકાર દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણી થઈ રહી છે ત્યારે બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની રમૂણ પ્રાથમિક શાળાના આચાર્ય હેમલતાબેને તેમના સોશિયલ મીડિયા પર દલિત અને ઠાકોર સમાજ વચ્ચે વૈમનસ્ય અને વેરભાવ ઊભો થાય તેવા લખાણો સાથેની પોસ્ટ વાયરલ કરી હતી. જે મામલે સ્થાનિક લોકોએ આ પોસ્ટ હટાવી દેવા જણાવતા આચાર્યએ મનમાની કરતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને આજે વાલીઓ અને ગ્રામજનોએ ભેગા થઈ શાળાને તાળાબંધી કરી હતી તેમજ જ્યાં સુધી આચાર્યની બદલી કરવામાં નહીં આવે ત્યાં સુધી શિક્ષણ કાર્ય ઠપ્પ રાખવાની ચીમકી આપી છે , આ મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે તેમની પાસે આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ આવી નથી પરંતુ આ ઘટના મામલે તપાસ કરાવશે.

# ધાનેરામાં રહેણાંક વિસ્તારોમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય...

ધાનેરા તા.૨૪

ધાનેરામાં સફાઈ કામદારોની સંખ્યા ઘણી બધી છે. પરંતુ સફાઈના નામે મીંડુ છે. સફાઈ તો રોજ કરવામાં આવે છે પણ સફાઈ ક્યાં છે એ એક સવાલ ઊભો થયો છે ધાનેરા શહેરમાં કોઈ પણ વિસ્તારમાં જુઓ તો ઠેર ઠેર ગંદકી અને કચરાઓનું સામ્રાજ્ય છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,સરકાર સ્વચ્છતા દાવા કરે છે .તે પોકળ સાબિત થઈ રહ્યા છે. ધાનેરા નગરપાલિકા દ્વારા સફાઈ કામદારો પર સુપરવિઝન થતું નથી અને સફાઈ કામદારો પોતે પોતપોતાની રીતે સફાઈ કરી ને જતા રહે છે. સફાઈ માત્ર દેખાવા પુરતી રોડ ઉપરથી સફાઈ કહેવા ખાતર જ સફાઈ કરીને જતા રહે છે. દરેક વિસ્તારમાં સફાઈ માટે ફરીયાદો સાંભળવા મળે છે? છતાં ધાનેરા નગરપાલિકા દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી પ્રજા જાય તો જાય ક્યાં નગરપાલિકા માત્ર સફાઈ ના વેરા



ઉઘરાવવામાં મશગુલ રહે છે. નગરપાલિકા નાં ચુંટાયેલા સભ્યો એ પોતાના વિસ્તારમાં સફાઈ થતી હોય ત્યારે તમામ વિસ્તારમાં પોતે પણ ધ્યાન રાખવું જરૂરી છે. ચૂંટાયેલા સદસ્યો કેટલા જાગૃત છે .તે પણ લોકોને ખબર પડે સાથે સફાઈ કામદારો દ્વારા કેવી સફાઈ કરવામાં આવે છે. તેની વાસ્તવિકતા સામે આવે જાહેર રસ્તાઓ ઉપર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે સ્વચ્છતા નું સૂત્ર વાસ્તવિકતામાં સાબિત થાય તેવું લોકો જોવા માટે માંગ કરી રહ્યા છે.